**<u>મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, બી.એચ.ઘાસુરા સાહેબશ્રીની કોર્ટ નં.૧૭, મું. અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૨૭૦૦૭/૨૧ ના કામે આંક–૧ ને લગત હુકમ :–</u>**

૧). આરોપી વિરુધ્ધ ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ (ટુંકમાં 'ઈ.પી.કોડ')ની કલમ–૧૮૮ હેઠળના ગુના અન્વયે ક્રીમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ (ટુંકમાં 'ક્રી.પ્રો.કોડ')ની કલમ ૧૭૩(૨) મુજબ ચાર્જશીટ ત.ક.અ.શ્રી ધ્વારા દાખલ કરવામાં આવેલ છે, જે કોગ્નીઝન્સ લેવાના તબકકે મુલતવી છે.

૨). આ કામે કોગ્નીઝન્સ લેવાના તબકકે વિ.એ.પી.પી.શ્રીને વિસ્તૃત રીતે સાંભળવામાં આવેલ છે તેમજ આ હુકમમાં રીફર કરવામાં આવેલ ચુકાદાઓ તરફે પણ તેમનું પુર્ણત: ધ્યાન દોરવામાં આવેલ છે કે જેથી તેમને સુનાવણીની તકમાં કોઈ પુર્વાગ્રહનો અવકાશ ન રહે. વિ.એ.પીપીશ્રી તર્ફે *Pankaj Agarwal vs. State of Delhi, S.C., case No.259-2001, dtd.12-03-2001* વાળા ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે.

૩). હવે જયારે ત.ક.અ.શ્રી દવારા ઈ.પી.કોડની કલમ–૧૮૮ ના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે ત્યારે ક્રી.પ્રો.કો.ની કલમ–૧૯૫ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

"***Section:*** *195* ***Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidence.--***

*(1) No Court shall take cognizance*
*(a) (i) of any offence punishable under Sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code, (45 of 1860), or*
*(ii) of any abetment of, or attempt to commit such offence, or*
*(iii) of any criminal conspiracy to commit such offence, except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate";*

૪). ઉકત કાયદાકીય જોગાવાઈ સ્વયં સ્પષ્ટ છે કે, ઈ.પી. કોડની કલમ–૧૭૨ અને ૧૮૮ એટલે કે આ કુલ ૧૭ ગુનાઓ સબબ જો કોઈ પણ ગુનાનો આક્ષેપ હોય તો તે માટે રાજય સેવક અથવા તો તે રાજયસેવક જે વહીવટી તાબા હેઠળ હોય તેવા અધિકારી દવારા લેખીત ફરીયાદ સીવાય ગુનાનું કોગ્નીઝન્સ કોર્ટ લઈ <u>શકાશે નહી</u> કે જે આજ્ઞાત્મક જોગવાઈ છે. આ તબકકે ફરીયાદ કે જે ક્રી.પ્રો.કોડની કલમ–૨(ડી)માં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે તે પણ મહત્વની હોય, જે નીચે મુજબ છે :

*"(d)" complaint" means any allegation made orally or in writing to a Magistrate, with a view to his taking action under this Code, that some person, whether known or unknown, has committed an offence, but does not include a police report. ...*

૫). હાલના કેસના સંદર્ભમાં વખતો વખત અનગીનત ચુકાદાઓ વિવિધ નામદાર હાઈકોર્ટસ અને નામદાર સુપ્રીમ કોર્ટ દવારા આપવામાં આવેલ છે, જે જોઈએ તો–

૧. *Daulatram vs. State of Punjab, AIR 1962 SC 1206* વાળા કીસ્સામાં અરજદાર–આરોપી સામે ઈ.પી. કોડની કલમ ૧૮૨ હેઠળનો આરોપ હતો અને ૩ માસની જેલની સજાનો હુકમ કરવામાં આવેલ, જે અંતે ના.એપેક્ષ કોર્ટ પાસે પંહોચેલ અને શબ્દશ: ઠરાવવામાં આવેલ કે,

*This paper was flied along with the charge sheet and it is stated that this satisfies the requirements of s. 195. In our opinion, this is not a due compliance with the provisions of that section. What the section comtemplates is that the complaint must be in writing by the public servant concerned and there is no such compliance in the present case. The cognizance of the case was therefore wrongly assumed by the court without the complaint in writing of the public servant namely the Tehsildar in this case. The trial was thus* ***without jurisdiction ab inito and the conviction cannot be maintained.*** [My emphasize]

૨. *Kanjibhai vs. State of Gujarat, Cr.M.A. No.348/1995, dtd.16-03-2010* કે જેમાં ઈ.પી. કોડની કલમ ૧૮૮ મુજબનું સંજ્ઞાન નામદાર મેજીસ્ટ્રેટ કોર્ટ દવારા લેવામાં આવેલું. તેમા કલમ ૧૯૫ (૧)(એ૩) મુજબનું પાલન થયેલ ન હતુ, જેથી ઠરાવવામાં આવેલ કે, આવા સંજોગોમાં મેજીસ્ટ્રટ ગુનાનું સંજ્ઞાન લઈ શકે નહીં.

૩. હાલમાં જ એચએલએ સાવે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ક્રીમીનલ એપ્લીકેશન નંબર–૪૫૩/૨૦૨૦,તા.૨૧/૯/૨૦૨૦ના ચુકાદામાં અરજદાર/આરોપીઓ કે જેઓ મ્યાંનમારથી દિલ્હી મુકામે ધાર્મીક સભા સારુ આવેલા અને તે વખતે ભારત સરકારશ્રી દવારા જનતા કરફયુ નો આદેશ હોય અને તેથી તે આદેશના ઉલ્લંઘન હેઠળ તેમની સામે એપીડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ અન્વયે ગુનો નોંધવામાં આવેલો હોય અને તેમાં પણ કોઈ જાહેરનામાના ભંગની બદલની હકીકત હોય તેથી તા.૧૪/૩/૨૦ ના નોટીફીકેશનના અનુસંધાને આ કાર્યવાહી કરવામા આવેલી અને તેમાં પણ ઈ.પી.કોડ ની કલમ–૧૮૮ ચિત્રમાં આવતી હોય દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એમ.એસ. અહલાવાત વિ. સ્ટેટ ઓફ હરીયાણા(૨૦૦૦(૧) એસ.સી.સી. ૨૭૮), સી.મુનીચાપન વિ. સ્ટેટ ઓફ તામીલનાડું (૨૦૧૦ ૯ એસ.સી.સી. ૫૬૭), સ્ટેટ ઓફ હરીયાણા વિ. ભજનલાલ (૧૯૯૨ સુપ્રી.(૧) એસ.સી.સી.)ના ચુકાદાઓનો આશરો લઈને સદર અરજદાર/આરોપી સામે ફરમાવવામાં આવેલ ચાર્જશીટ રદ કરવામાં આવેલ.

**૬).** હવે હાથ પરના કેસની ચર્ચા કરવામાં આવે તો આરોપીએ બનાવ સમયે મે. ડી.એમ.શ્રીનાં જાહેરનામાનું અનાદાર કરેલ હોવાનો આક્ષેપ છે અને તેના અનુસંધાને પ્રથમ બાતમી અહેવાલના આધારે હાલનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે. જયારે વિ.એ.પી.પી.શ્રી તરફે જે *Pankaj Agarwal vs. State of Delhi, case No.259-2001, dtd.12-03-2001* વાળા ચુકાદો *Pankaj Agarwal vs. State of Delhi, S.C., case No.259-2001, dtd.12-03-2001* વાળા ચુકાદા ઉપર આધાર રાખેલ છે, તે ચુકાદામાં અરજદાર–આરોપી સામે ઈ.પી. કોડની કલમ ૧૮૬, ૩૩૨, ૩૫૩ સાથે ૩૪ મુજબનો આક્ષપે હતો અને તેની સામે મજી.શ્રી ની કોર્ટ દ્વારા કોગ્નીઝન્સ લેવામાં આવેલ. જે સામે ના.હાઈકોર્ટે પણ અરજી રદ કરી અને અંતે ના.સુપ્રિમ કોર્ટમાં ઈ.પી. કોડની કલમ ૧૮૬ નું કોગ્નીઝન્સ લઈ શકાય નહિં કારણકે ક્રિ.પ્રો. કોડની કલમ ૧૯૫ મુજબ બાધ નડે છે તેવું ઠરાવી તે પુરતુ રદ કરી, અન્ય ગુના સામે કાર્યવાહી ચાલુ રાખવાનું ફરમાવવામાં આવેલ. <u>એટલે કે, આ ચુકાદો ઉલટાનું એ ફરી પ્રતિપાદીત કરે છે કે, ઈ.પી. કોડની કલમ ૧૭૨ થી ૧૮૮ સુધીના ગુનાનું કોગ્નીઝન્સ ક્રિ.પ્રો. કોડની ક.૧૯૫ ને આધીન છે</u>. જેથી વિ.એપીપીશ્રી તેનાથી વિરુઘ્ધની કોઈ હકીકત દોહરાવવામાં આવેલી નથી. તેથી કાયદાની સ્પષ્ટ જોગવાઈ નજર સમક્ષ રાખતા કોઈ લેખીત ફરીયાદ રાજય સેવક કે તેના તાબામાં હોય તેવા અધિકારી દવારા કરવામાં આવેલ ન હોય, ક્રિ. પ્રો. કોડની કલમ–૧૯૫ નો સ્પષ્ટ રીતે બાદ નડતો હોવાનું જણાઈ આવે છે. જેથી આ કોર્ટ દવારા આરોપી સામે ગુનાનું સંજ્ઞાન લઈ શકાય તેમ ન હોય તેવું હું નમ્રપણે માનુ છું. તેથી આવા સંજોગોમાં *K. Prabhakar Rao v/s. State of A. P., decided on 25/11/2014* વાળા ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપી સામેનો પ્રોસીડીગ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૮ મુજબ પડતા મુકવા જોઈએ, જેથી ઉપરોકત ચર્ચાને ઘ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

**<u>:: હુકમ ::</u>**

૧. હાલના કેસની કાર્યવાહીને ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૫ નો બાદ નડતો હોય, આરોપી સામેનો કેસના પ્રોસીડીંગ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૫૮ મુજબ બંધ કરવામાં આવે છે અને આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી સામેના જામીન અને જાત મુચરકા ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭(ક) મુજબ આગામી છ માસ સુધી ચાલુ ગણાશે અને ત્યાર બાદ આપોઆપ રદબાતલ ગણાશે.

હુકમ આજ તા.૧૦મી, માંહે–જુલાઈ સને ૨૦૨૧ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ
(જજ કોડ જી.જે.૦૦૯૮૩)